**ઊંઝાના મે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મું. ઊંઝા.**

**ક્રિમીનલ કેસ નં. : ૩૧૧/૨૦૨૬.**

**આંક – ૦૧ લગત હુકમઃ–**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ જાહેરમાં ગેરકાયદેસરનો, પાસ પરમીટ વગરનો કેફી પીણાનો નશો કરેલ હાલતમાં જાહેરમા મળી આવી જે અંગે ફરિયાદીની ફરિયાદ ઉપરથી તપાસ કરનાર અમલદારે તપાસ કરી આરોપી વિરૂદ્ધ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુના સબબનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રોજ રજૂ કરેલ છે.

(૨) ચાર્જશીટ રજૂ થતાં આરોપી વિરૂદ્ધ કોગ્નીઝન્સ લઈ સમન્સ કાઢવામાં આવેલ. આરોપીને સમન્સ બજતા આરોપી કોર્ટમાં હાજર થતાં આરોપીને બી.એન.એસ.એસ કલમ–૨૩૦ મુજબ વિનામૂલ્યે પોલીસ પેપર્સની નકલો પૂરી પાડયા બાદ આરોપીએ આજરોજ તેઓ ગુનો કબુલ કરવા માંગે છે તેવી પુરસીસ રજૂ કરતાં તે પ્લીમાં તેમની સામેના ગુનાનું તહોમતનામું વાંચી સંભળાવી, સમજાવતાં આરોપીએ ગુનાનો એકરાર કરેલ છે.

(૩) આરોપી તેઓની ગુના કબુલાત પુરસીસ આજરોજ આપી જણાવેલ છે કે, અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપી ગરીબ વર્ગના અને અમો બાળ બચ્ચાંવાળા છીએ, અમારા ઉપર કુટુંબની સંપૂર્ણ જવાબદારી છે. અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે અને તેથી કાયદામાં જણાવેલ મહત્તમ સજા ન કરી અમો ઉપર દયા કરવા આપ નામદાર કોર્ટને વિનંતી કરીએ છે.

(૪) આરોપીને આ કાયદા હેઠળની રાજાની સમજ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ સ્વેચ્છાએ ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોકત હકીકતે આરોપીની સ્વૈચ્છિક કબુલાત નહીં માનવાને કોઈ કારણ રહેતુ નથી. કેસની હકીક્ત, આરોપીના આર્થિક સંજોગો, તેની સ્વૈચ્છિક કબુલાત ધ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે "ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજી"ના કેસમાં (જી.એલ.આર. ૨૦૦૫(૧). પાના નં.૪૦૯) આપેલ સમજૂતિ મુજબ, આરોપીને કાયદામાં જાણાવેલ સજા કરતાં ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હેતુ જળવાય તેમ જણાય છે અને તે સંજોગોમાં ઓછી સજા કરવાના પૂરતા કારણો જણાતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: આ ખ રી હુ ક મ ::–**

(૧) આ કામના આરોપીને બી.એન.એસ.એસની,૧૯૭૩ ની કલમ–૨૭૫ મુજબ પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) માં તકસીરવાન કરાવી આરોપીને રૂ.૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા) નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ દિન–૧ ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

હુકમ આજરોજ તારીખ ૧૪મી માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં, વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૧૪/૦૩/૨૦૨૬.
સ્થળ – ઊંઝા.

**યોગિતા શર્મા**
CODE No. GJ 01529
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
ઊંઝા.

---

દંડ રૂ............. અંકે રૂપિયા.................. પુરા પાવતી નં........... ઉપર વસુલ આવેલ છે.

તારીખ– ૧૪/૦૩/૨૦૨૬.

નાઝર
મુખ્ય સિનીયર સિવિલ કોર્ટ, ઊંઝા.